© AJH 2019 | Vol. 01, Issue 01, Jan. – June 2019

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રીય આંદોલનો

**Dr. Gajendra P. Shrimali**

Associate Professor (H.O.D. Department Of History)

Shri & Smt. P. K. Kotawala Arts College –Patan

***Abstract :-***

*અંગ્રજોના ત્રાસથી અને તેમનાથી ભારતને આઝાદી અપાવવામાં ભારતના હર એક પ્રદેશના લોકોના હૃદયમાં આગ લાગી હતી. આ જ્વાળામાં ઉત્તર ગુરજરાતનો પણ મહત્વનો ફાળો રહેલો છે. ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રીય આંદલનો થયા અને આ આંદોલનમાં ગુજરાતનો સિંહ ફાળો હતો. ઈ.સ. ૧૮૫૭થી ભારતની આઝાદીની હર એક ચળવળમાં ઉત્તર ગુજરાતનો મહત્વનો ફાળો રહેલો છે. જેને અહિંયા શંસોધનના ભાગરૂપે પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

***Key Word :-***

*સ્વાતંત્ર્ય સંગ્રામ, રાષ્ટ્રીય આંદોલનો, ઉત્તર ગુજરાતમાં આઝાદીની લડત, સ્વાતંત્ર્યસેનાની, ગાંધીવિચાર*

**પ્રસ્તાવના :-**

ગુજરાતનો પરિચય તો આપણે મેળવેલો છે. પરંતુ ઉત્તર ગુજરાત લગભગ પ્રાચીન ગુજરાતનું બીજા નંબરની રાજધાની રહ્યું છે. સૌ પ્રથમ સુરાષ્ટ્ર પ્રદેશ – ગિરિનગર અને બીજુ અણહીલપુર – પાટણ – ત્યાર બાદ રાજધાનીઓ બદલાઈ છે. ગુજરાતમાં અણહીલપુર – પાટણે લગભગ પાંચસો વર્ષ સુધી શાસન ભોગવ્યું છે. તેવા આ પ્રદેશને આર્નત પ્રદેશ – ઉત્તર ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે. જેનો સમગ્ર ગુજરાત અને માળવા – રાજસ્થાન વગેરેમાં સત્તા જમાવટ થતી રહી હતી.[૧]

આનર્તનું નામ શર્યાતિના પુત્ર આનર્ત ઉપરથી આનર્ત નામ નિષ્પન્ન થયું હોય એવો એક મત છે. ડાં. ધ્રુવના મતે આનર્ત એટલે નૃત્ય – આનંદ – સમૃધ્ધિનો દેશ તે આનર્ત એવો થાય છે.[૨]

આનર્ત પ્રદેશની રાજધાની અણહીલપુર પાટણ સાથે હાલનાં આબુનો પણ જોડાયેલો હતો. આધુનિક આ પ્રદેશ ગુજરાતનાં ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે. તેમાં પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે.[૩]

આ પ્રદેશમાં લગભગ મોઘલકાળ અને પછી મરાઠાકાલમાં કડી પ્રાંત સ્થાન ધરાવતો. મરાઠાઓની સત્તામાં અહીં પાટણ મહાલ, વિસનગર મહાલ અને મહેસાણા મહાલ હતાં. જયારે પાલનપુરમાં નવાબી શાસન તથા સાબરકાંઠા ગાયકવાડી શાસન નીચે શાસિત પ્રદેશ તરીકે સ્થાન ભોગવતો. સમગ્ર ગુજરાત ગાયકવાડ સરકાર (વડોદરા)ના નવાબ નીચે હતાં.[૪] આ માહિતી એટલા માટે આપું છું કે હવે પછી અંગ્રેજો સામે જે લડાઈ કે યુધ્ધ અથવા આંદોલન થવાનાં છે. તેમાં ગાયકવાડનો પણ વિરોધ થાય છે. તથા તેને આપેલી ભૌતિક સંપત્તિનો ઉપયોગ આંદોલનમાં આંદોલનકારીઓએ કરેલ છે.[૫]

**ગુજરાતમાં રાષ્ટ્રીય આંદોલનો :-**

ગુજરાતમાં અંગ્રેજોનું સીધું શાસન હતું. કારણ કે અમદાવાદમાં અને ગાયકવાડ દ્વારા સમગ્ર ગુજરાતમાં તેમનું વહીવટી સંચાલન ચાલતું. ૧૮૮૫મી રાષ્ટ્રીય આંદોલનની ભૂમિકા ભજવાઈ હતી. પરંતુ તે પહેલાં ૧૮૫૭માં બળવો થતાં અંગ્રેજ સરકાર ખૂબ પરેશાન બની. તેના બી ગુજરાતમાં વવાયા હતા. અને વિપ્લવકારીઓએ ગુજરાતમાં અંગ્રેજોનો વિરોધ કરી ક્રાંતિ ચાલુ રાખી હતી. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં આ પ્રવૃત્તિ વેગવંતી બની. ત્યારબાદ રાષ્ટ્રીય આંદોલનો એક પછી એક મધ્યગુજરાત અને દક્ષિણ ગુજરાત થતાં રહયાં જેની અસર ઉત્તર ગુજરાતમાં પણ પડી અને અહીં પણ આંદોલનકારીઓ કે વિપ્લવકારીઓએ લડતને અલગ અલગ ગામોમાં શરૂ કરી હતી.

**ઉત્તર ગુજરાતની ક્રાંતિકારી ચળવળ :-**

ઉત્તર ગુજરાત ખૂબ સમૃધ્ધ પ્રદેશ હતો. ગાયકવાડ સરકાર દ્વારા અહીં રેલ્વે, તાર, ટપાલ વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલી. વળી પાલનપુર, વિસનગર, વિજાપુર, મહેસાણા, પાટણ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહમા વગેરે વિકાસશીલ ગામડા અને નગરો હતા.

**૧૮૫૭ની પહેલી સ્વાતંત્ર્ય લડત અને ઉત્તર ગુજરાત :-**

અંગ્રેજોનો વિરોધ લગભગ આખા દેશમાં હતો અને ત્યારે ગુજરાત પણ તેમાં બાકાત ન રહ્યું. ગુજરાતનો ગાયકવાડ અંગ્રેજોનો પીટ્ઠું હતો. ૧૮૫૭માં ભારતમાં અંગ્રેજો સામે સ્વાતંત્ર્ય માટેની પહેલી લડત શરૂ થઈ. અને તેમાં સૈનિકોએ લશ્કરની છાવણીથી શરૂઆત કરી. વિપ્લવકારીઓ અંગ્રેજોનો વિરોધ કરતાં કરતાં તેઓ ભારતનાં જુદા જુદા નગરો અને સ્થળો તથા ગામડાઓમાં પહોંચ્યા અને દરેક સ્થળોએ તેનો સામનો કરતાં રહ્યાં. વિપ્લવકારીઓ ગુજરાત આવ્યાં. વડોદરા સિવાયના મોટાભાગનાં થાણા ઉપર તોડફોડ કરવામાં આવી. ગોધરા અને દાહોદમાં અંગ્રેજોની છાવણીઓ તોડી પાડવામાં આવી. અંગ્રેજ અમલદારોનાં રહેઠાણો પણ નાશ કરવામાં આવ્યાં. આથી ગાયકવાડે લશ્કરની વધારે કુમકુમ અંગ્રેજ સૈન્યની મદદે મોકલી.[૬]

આજ અરસામાં વડોદરામાં ગાયકવાડ ખંડેરાવે ૧૦ ઓકટોબર ઈ.સ.૧૮૫૭માં દિલ્હીપતનનાં પ્રસંગે ઉજવવા ભવ્ય ભોજન સમારંભ યોજયો હતો. વિપ્લવકારીઓએ ખંડેરાવનો વિરોધ કરી આક્રમણ કરવાનું નકકી કર્યું. પરંતુ વિપ્લવકારીઓમાં પણ વિશ્વાસઘાતી હતાં. જેઓ ગાયકવાડે ખાનગીમાં જાણ કરી કે વિપ્લવકારીઓ આક્રમણ કરવાનો છે.

કાવતરાની જાણ ખંડેરાવને થતાં ખંડેરાવે અંગ્રેજ સરકારને જણાવ્યું. આથી અંગ્રેજ સરકાર રેવાકાંઠાનાં પોલીટીકલ એજન્ટ "બકલેને" વિપ્લવકારીઓને પકડવાનું કહ્યું. પરિણામ મહી નદીમાં આશ્રય લઈ રહેલાં વિપ્લવકારીઓ ઉપર હુમલો થયો. તેમાંના કેટલાક ભાગી ગયા. અને ત્યાંથી ઈડર પહોંચ્યાં. અહીં વિપ્લવકારીઓએ ઈડરની પાસે ચાંડપમાં લશ્કરી ટૂકડી બનાવી. આ ટૂકડી ઈડરથી નીકળીને અંગ્રેજોનો સામનો કરતાં રહ્યા. અહીં થોડે દૂર મંડેરીનુ એક રાજય હતું.તેનો શાસક સૂરજમલ હતો. તેણે અંગ્રેજો સામે બળવો પોકાર્યો. મહા ભયંકર યુધ્ધ થયું. અહીંથી લશ્કરી ટૂકડીનાં લોકો માણસા, પેથાપુર, વરસોડા, ડભોડા, કલોલ, કડી, રામપુર જેવા ગામે પૌરુસી અંગ્રેજ થાણાનો નાશ કર્યો. ચાંડપના નાથા અને ચમા ગામેતી એ અંગ્રેજ સૈન્યને હૂંફાવ્યુ. વિપ્લવકારીઓની સાથે ઈડરનો રાવ પણ જોડાયો. અંગ્રેજ સૈન્યની સાથે ગાયકવાડનું સૈન્ય જોડાયું. નાથા અને યમા દેવગતીએ પામ્યા.[૭]

ગોધરા–દાહોદ અને લુણાવાડાથી પણ વિપ્લકારીઓ ઈડરની સાથે મોડાસા આવ્યાં. ગાયકવાડની સૈન્ય ટૂકડીઓ અંગ્રેજોને મદદ કરતી હતી. આ સૈન્ય ટૂકડીમાં મગનલાલ ભૂખણ (વાણિયા) પણ અંગ્રેજ સૈન્યની સાથે ગાયકવાડી સૈન્યમાં કામ કરતા હતાં. અંગ્રેજોની ક્રૂર નીતિ તેમને પસંદ ન પડી આથી તેમણે અંગ્રેજ સૈન્યમાં બળવો કરી અંગ્રેજ સૈનિકોને મારી નાખી નીકળી ગયા.

અહીંથી તેઓ પિલવાઈ આવ્યાં. અંગ્રેજો સાથે અથડામણ થઈ. તોપમારો ચાલ્યો. ત્યાંથી વિપ્લવકારીઓ વિજાપુર પહોંચ્યાં. વિજાપુરમાં અંગ્રેજ રેસીડેન્સી છાવણી પર હુમલો કર્યો. અને ત્યાંથી મગનભૂખણનાં નેતૃત્વ નીચે ટૂકડીઓ અંગ્રેજોનો સામનો કરતાં એક પછી એક ગામડાઓમાં ફરતાં રહ્યાં. વિજાપુર થઈ મગનલાલ ભૂખણદાસ સૈનિકો સાથે લોદરા પહોંચ્યાં. લોદરામાં લડતાં લડતાં ગોવિંદરાય અને તેમના સાથીદાર ભોંસલેને કેદ પકડવામાં આવ્યાં. જયારે મગનલાલ પકડાઈ જતાં ગોજારીયા પાસે સમૌ ગામમાં ફાંસી આપવામાં આવી. સમૌ ગામમાં આજે પણ મગનલાલની ખાંભી છે. અને ૧૮૫૭ની ક્રાંતિનો ધીરે ધીરે અંત આવ્યો. રેવાકાંઠા વિસ્તારને પોલિટીકલ એજન્ટ બનાવવામાં આવ્યો.[૮]

**૧૯૨૦માં ગાંધી વાદીવિચારો અને રાષ્ટ્રીય ચળવળો :-**

ઈ.સ.૧૯૧૫માં ગાંધી નાં પાછા આવવાનાં આગમનથી કોંગ્રેસમાં કોઈ ફરક પડયો નહીં. કારણ કે ગાંધી એવા કોઈ સભ્ય ન હતાં. અને ન તો કોઈ મોટા નેતા. પરંતુ ૧૯૧૯નાં બનેલા ત્રણ બનાવો પછી ગાંધી એ ૧૯૨૦માં એક નવા વિચારો સાથેનું આંદોલન શરૂ કરવાનું વિચાર્યુ. કોંગ્રેસ તરફથી ઠરાવ અમલમાં મુકાયો. ગાંધી એ અસહકારનું આંદોલન શરૂ કર્યુ. અહિંસાની પાયાની ઈમારત બાંધવા આ આંદોલન શરૂ કરવામાં આવ્યું.

ગુજરાતમાં સ્વદેશી ચળવળ – સ્વદેશી શિક્ષણના ભાગરૂપે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં શરૂ કરવામાં આવતી. વેડછીમાં વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. તેમાં ખાદીવણાટ, સ્વદેશી કપડાં, સ્વદેશી શિક્ષણ અપાતા હતાં. આ હતી ગાંધીવાદી યુગની રાષ્ટ્રીય ચળવળ. ગુજરાતે તેમાં મુખ્ય ભાગ ભજવ્યો.[૯]

**મીઠાવેરો અને મહેસાણા જિલ્લાનું પ્રદાન :-**

૧૯૩૦ માં ગાંધી એ મીઠા ઉપરના વેરાને રદ કરવા માટે બ્યુગલ ફૂકયું. ત્યારે ગુજરાતના ૭૮ સાથીદારો સાથે ગાંધી એ અહિંસક દાંડીકૂચ ચળવળ શરૂ કરી. અમદાવાદનાં ગાંધીઆશ્રમથી પગપાળા દાંડી સુધીની યાત્રા હતી. દાંડીના દરીયાકિનારે જતાં જુદી જુદી ટુકડીઓ પાડવામાં આવી હતી. તેમાં એક ટુકડીનાં નાયક શ્રીમતી કમળાદેવી ચટ્ટોપધ્યાય અને સરો ની નાયડુ હતા. ઉત્તર ગુજરાતનાં હિંમતવાન જાંબાજ ચંદ્રકાન્ત કાળીદાસ નાયક વિસનગર તાલુકાનાં વડનગરનાં વતની હતાં. તેઓ આઝાદ ભારતનાં મીઠાવેરો દૂર કરવાનાં લડતનાં સેનાની હતાં.[૧૦]

શ્રી ચંદ્રકાન્ત કાળીદાસ નાયક વડનગરના વતની, ૨–૧૨–૧૯૧૦માં વડનગરમાં જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ વડનગર મેળવી તેઓ અમદાવાદ આવ્યાં. ૨૦ વર્ષની વયે મીઠાવેરાને દૂર કરવાની લડાઈમાં યોધ્ધા બન્યા. છાવણીમાં સાંજે ચંદ્રકાન્ત ભાઈ જઈને સૂઈ ગયાં. ધરાસણાનાં મીઠાનાં અગરો ઉપર જવા નિકળી અગરો ઉપર પહોંચ્યાં પોલીસ પહેરો હોવા છતાં ચંદ્રકાન્તે આઠ ફૂટ ઉંચો કૂદકો મારી મીઠાની મુઠ્ઠી ભરી અને પોલીસ લાઠીઓ લઈને પડી ગઈ. આંગળીઓ તૂટી ગઈ, પગમાં ફેકચર થયાં શરીર લોહીલુહાણ થયાં પરંતુ એક પણ ચબહ (ઉહ) પોકાર્યા વિના માત્ર વંદેમાતરમ બોલ્યા કરવાનું દવાખાને લાવવામાં આવ્યાં. અને બે થી ત્રણ માસ દવાખાને રહીને ભારત માતાના સપૂતે દુઃખ વેઠી મીઠાના વેરાને દૂર કરવા પ્રયત્ન કર્યો.[૧૧]

૧૯૩૦ની ચળવળનાં પડઘા શાંત પડી ગયા. ગાંધી ની સ્વદેશી ચળવળ અને અહિંસક લડતો તથા આશ્રમ સંસ્થાઓ વિકાસ પામતી રહી.

**૧૯૪૨ ની ગાંધીવાદી રાષ્ટ્રીય ચળવળ અને વિસનગર :-**

૧૯૪૨ ની સાલ વિસનગર માટે એક રાષ્ટ્રીયતાને ઉજાગર કરનારી સાલ હતી. ગાંધીયુગ દરમ્યાન જે જે ચળવળો ચાલી તેમાં ૪૨ની ચળવળે ગાંધી ને મજબૂત કર્યા. અને અંગ્રેજોને પીછેહઠ કરવાની તાકાત આવી. વિસનગરમાં ૪૨ની ચળવળ પૂરજોશમાં ચાલી હતી. અહિંસક લડતનું સ્વરૂપ અને હિંસક લડત ચાલતી.તેમાં સેનાનીઓમાં લગભગ અને ૭૫ કે ૧૦૦ જેટલા નહીં પણ ૫૦૦

જેટલા સેનાનીઓ જેમાં આગળ પડતા ૧૦૦ થી વધારે હતાં. (૧) શ્રી સાંકળચંદ કાલીદાસ પટેલ (૨) શ્રી જયશંકર સુંદરી (ભોજક) શ્રી ગોવિંદરાય ઉતરાણકર (શહીદ) શ્રી પ્રવિણ શંકર ખુશાલીરામ દવે, શ્રી રમણિકલાલ ટી. મણિયાર, શ્રી શિવાભાઈ પ્રભુદાસ પટેલ, શ્રી શીવાભાઈ નાન ભાઈ પરમાર, શ્રી જયંતિભાઈ કંસારા (બંડલ), શ્રી શકરાભાઈ વાળંદ, શ્રી વિઠ્ઠલદાસ શીવરામ શ્રીમાળી, શ્રી ચંદ્રકાન્ત પંડિત, પુરુષોત્તમ કંસારા, શ્રી અંબાલાલ કટર, સૂર્યકાન્ત જોષી, શ્રી ઈશ્વરાચાર્ય – ભગુભાઈ મહેતા, શાન્તાબેન પટેલ, વિઠ્ઠલરાય શીવરામ શ્રીમાળી, વાલ ભાઈ મઘાભાઈ પરમાર, મીઠાભાઈ કરશનભાઈ પરમાર, રામ ભાઈ નાન ભાઈ પરમાર, ધૂળીબેન વાલ ભાઈ પરમાર, ગંગાબેન રામાભાઈ પરમાર, તળસીભાઈ મગનભાઈ પરમાર વગેરે લોકો સ્વાતંત્ર્ય લડતોમાં જોડાતા. ચંદ્રકાન્ત પંડિત જેવાએ તો પોલીસને ફેટ મારી આગળનાં દાંત તોડી પાડેલા. નવનીતભાઈ શાહ, રામપ્રસાદ જાની, નારાયણભાઈ ફ્રેમ મેકર વગેરેની સાથે મફતલાલ મોઘલી પણ હતાં.[૧૨] (જેમણે મિરખાન ડાકૂને મારેલ) એવા બહાદૂર સેનાનીઓ વિસનગરમાં આઝાદી માટે કાર્ય કરતાં રોજબરોજ ગાંધી નાં વિચારોવાળા પ્રસંગો અમલમાં મૂકતાં અને અંગ્રેજ પોલીસને હંફાવતા હતાં. ગાંધી ના અહિંસક માર્ગ તથા ઉપવાસ, સભાઓ ભરવી, સરઘસ કાઢવા, રાત્રે થાળીઓ વગાડવી. વંદેમારતમ્ અને ઝંડા ગીત ગાતા ગાતા મુખ્ય બજારમાંથી નીકળવું.[૧૩] ભજન મંડળીઓ દ્વારા સવારે પ્રભાત ફેરી કાઢવી, ભજન, ગીત ગાવાં, ખાદી પહેરવી, ખાદી વણવી, ખાદી વેચવી, બજારોમાં સ્ટોલ ઉભા કરવાં. ચોપાનીયા (હેન્ડબીલ) બનાવવા અને પહેરવા, રાત્રીનાં કાર્યક્રમોમાં ભજનમંડળીઓ દ્વારા આવતીકાલનાં કાર્યક્રમની માહિતી આપવી. મીટીંગના સ્થળ નકકી કરવાં. સભાના સ્થળની અને આવનાર સેનાનીના ભાષણની માહિતી આપવી.

સેવાદળની પ્રવૃત્તિઓ જણાવવી સેવાદળમાં વિદ્યાર્થીઓ સાથે મીટીંગ યોજવી સેવાદળમાં પ્રાર્થના રોજિંદા પ્રવૃત્તિઓ અને ભાષણ આપવા આવેલ નેતાને રાખવા – નવા કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવી વગેરે કામ કરવામાં આવતી.[૧૪]

ગાંધી નાં રોજબરોજના કાર્યોની માહિતી માટે વારંવાર વિસનગરમાં નેતાઓ આવતાં હતાં. થયેલા બનાવો–પોલીસ લાઠીચાર્જ, પોલીસ ગોળીબાર કોર્ટકેસ અને ચુકાદાઓની માહિતી દરેક સેવાદળ કેન્દ્રો અને વર્તમાનપત્રોમાં જણાવવામાં આવતાં લોકો સમક્ષ રજૂ કરવાં વગેરે પ્રવૃત્તિઓ વિસનગરમાં સેનાનીઓ કરતાં હતાં.

મહેસાણામાં શ્રી બારોટ, પાટણમાં ત્રિભોવનદાસ પટેલ, તુલસીદાસ પટેલ, પ્રહલાદભાઈ ખમાર, વ્રજલાલ બારોટ વગેરે સેનાનીઓ પણ પાટણમાં ગાંધી ના માર્ગે પ્રવૃત્તિઓ કરતાં હતાં.

પાલનપુર, બનાસકાંઠામાં અને હિંમનગર, ખેડબ્રહ્મા, ઈડર, મોડાસા વગેરે સ્થળે પણ ગાંધી ની સત્યાગ્રહ લડતો ચાલતી હતી. વિજાપુરમાં ખાદી વણાટના ચરખો હતો. જે ગાંધી ને આપવામાં આવ્યો. જેને લીધે ગાંધી એ ચરખા દ્વારા ખાદી વણાટ શરૂ કર્યા. અને તેથી આખા ગુજરાત અને ભારતમાં ખાદીને ઉત્તેજન આપવામાં આવ્યું. અને આ ખાદી કુટુંબ ઉધ્ધાર, ગ્રામોધ્ધાર પ્રવૃત્તિનો એક ભાગ બની રહ્યો.[૧૫]

વિજાપુર તાલુકાનાં ગવાડા ગામના વિઠ્ઠલભાઈ પરમાર ગાંધી નાં ખાદી વણાટ અને ચરખાં ચલાવનારનાં અને શીખવનાર મુખ્ય વ્યકિત બન્યાં. જયાં ગાંધી એ તેમને સાબરમતી આશ્રમમાં પોતાની પાસે રાખ્યા.

શાળા, કોલેજોમાં સ્થાનિક સ્વદેશી શિક્ષણ માટે પહેલ કરવામાં આવી. નવી સ્વદેશી શિક્ષણ આપતી શાળાઓ ખોલવામાં આવી. વિસનગરમાં .ડી. હાઈસ્કૂલ – નૂતન હાઈસ્કૂલ, પાટણમાં અને કડીમા કડી સ્કૂલ ખોલવામાં આવી. રાત્રી શાળાઓ શરૂ કરવામાં આવી. કડી અને વિસનગરમાં નૂતન હાઈસ્કૂલમાં અંગ્રે શિક્ષણ માધ્યમ વાળી શાળાઓ શરૂ કરવામાં આવી. પાટણ કસબામાં રૂની, મણુંદ, રણુજ અને પાટણમાં અંગ્રે માધ્યમની કુમાર અને કુવારિકાઓની ૧૯૩૯ સ્કૂલો ખોલવામાં આવી.[૧૬]

અંગ્રેજો દ્વારા ગાયકવાડ સરકારે તાર–ટપાલની વ્યવસ્થા કરી. ટેલીગ્રામ શરૂ થયાં અને સરકાર તરફથી ભૌતિક સુધારા કરવામાં આવ્યો.

મહેસાણા–પાટણ–વિસનગર–તારંગા–વિજાપુર–ઈડર–ખેડબ્રહ્મા વગેરે સ્થળોએ રેલ્વે નાખવામાં આવી.

૧૯૪૨ની હિંદછોડો ચળવળ ગુજરાતમાં આપો આપ શરૂ થઈ ગઈ. ગાંધીયુગની આ મહત્વની લડાઈ ગણાય છે જેમાં સમગ્ર ગુજરાત જોડાયું હતું. કારણ કે મહારાષ્ટ્ર પ્રદેશ હતો અને મુંબઈ સરકાર આ સમયે મુંબઈ પ્રાંતનાં આ પ્રદેશો ખુબ લડત આપતાં હતાં. ઉત્તર ગુજરાતમાં ૧૯૪૨ની ચળવળ મોટા પાયે વિકાસ પામી ગાંધી નાં સ્વદેશી આંદોલનને લોકોએ  ટેકો આપ્યો. પાટણ, સિધ્ધપુર, મહેસાણા, પાલનપુર, હિંમતનગર, ખેડબ્રહ્મા વગેરે સ્થળોએ સભાઓ ભરાઈ પોલીસે લાઠીચાર્જ કર્યો. અનેક લોકો પકડાયા. જેલો ભરાઈ ગઈ. પાટણમાં તુલસીદાસ પટેલ, ત્રિભોવનદાસ સિધ્ધપુર પંડયા , ઉઝામાં બુધાલાલ શાહ, મહેસાણામાં બારોટ ખેડબ્રહ્મા રાવલ , પાટણના પુનમચંદ પટેલ વિસનગરમાં સાંકળચંદ પટેલ, રમણિકલાલ, મણિયાર, શીવાભાઈ પટેલ, મફતલાલ મોદી, જયંતિ કંસારા(બંડલ), શકરાભાઈ વાળંદ, નારાયણભાઈ  ફ્રેમ મેકર વગેરે સભાઓમાં હાજર રહેતાં અને સભામાં સૂત્રોચ્ચાર કરતાં ૪૨માં પાટણમાં એમ.એન.હાઈસ્કૂલનો ભાગ સળગાવામાં આવ્યો હતો. શ્રી પુનમચંદ પટેલ, ત્રિભોવનદાસ અને તુલસીદાસને પકડવામાં આવ્યાં.[૧૭]

વિસનગરમાં ૪૨ની ચળવળમાં હિંસક બનાવ બન્યા હતાં. પ્રજા મંડળ પ્રવૃત્તિ કરતી હતી. ઈશ્વરાચાર્યે 'તમે ટળો' વર્તમાનપત્ર શરૂ કર્યું. હેન્ડબીલ બનાવતા. જયંતિલાલ કંસારા, ચંદ્રકાન્ત પંડિત, સાંકળચંદ પટલ,ચંદ્રકાન્ત મલ્લ વગેરે મોટી પારેખપોળમાં રાત્રે પતરા ઉપર થઈને મોટા મકાનમાં મિણબત્તી સળગાવી પત્રિકાઓ લખતાં. પછી પાયખાનામાં બેસીને પત્રિકા લખાતી પોલીસ આવે તો પણ ખબર ન પડે. અજવાળુ વધારે થાય તો આ લોકો મીણબત્તીની આજુબાજુ હાથ રાખીને ઓછું અજવાળુ કરતાં આખી રાત્રી તેઓ પત્રીકા લખતાં ત્યાર પછી પત્રીકા પહોંચાડવાનું કામ બીજા લોકોને સોંપવામાં આવતું. ધીરૂભાઈ રાવલ, જયંતિલાલ આચાર્ય, ધીરૂભાઈ ઠક્કર, જયંતિ બંડલ વગેરે જે વ્યકિતને પત્રીકા વહેંચવવાની હતી. ત્યાં સવારે વહેલાં પહોંચાડવામાં આવતી.[૧૮]

મધ્ય બજારનાં ચબુતરાની દિવાલ પર આ પત્રિકા અને સભાની જાણ કરવામાં અવાતી. પોલીસ ખબર પડતાં અહીં પોલીસની ટયૂડી ગોઠવવામાં આવી હતી. આ સમયે ઉમિયા શંકર ફોઝદાર (પોલીયા ઈન્ટરપેકટર) જાંબાજ હતાં. કોવ્યેમતી તોલે ન આવે. કોઈ પણ ગુન્હો ન બને તે માટે તત્પર રહેતાં. ઘોડેશ્વાર પોલીસ આખા વિસનગરમાં ફરતી રહેતી.[૧૯]

૨૫મી ડિસેમ્બરનાં રોજ વિસનગરમાં સૂર્યકાન્તભાઈનું ભાષણ હતું. એક ટાવરે ચબુતરા પાસે બધા એકઠા થયા અને આ સભામાં નારાયણભાઈ ફ્રેમમેકર, ભગુ મહેતા, મીઠાભાઈ કરશનભાઈ, રામ ભાઈ નાન ભાઈ પરમાર, વિઠ્ઠલદાસ શ્રીમાળી અને તેમનો સાત વર્ષનો મફતલાલ – (પ્રહલાદભાઈ) હાજર હતો. ઈશ્વરાચાર્ય, ધીરુભાઈ ઠક્કર, સોકચંદ પટેલ, મફતલાલ મોદી, મોઘલી ચંદ્રકાન્ત પંડિત, ગોવિંદરાવ ઉત્રાણકર, જયંતિલાલ બંડલ વગેરે સૂત્રોચ્ચાર સાથે આવ્યાં. ચંદ્રકાન્ત પંડિત, સાંકળચંદ પટેલ અને ગોવિંદરાવ ઉત્રાણકર સાથે જતાં શિવાભાઈ પ્રભુદાસ પટેલ પણ હાજર હતાં. તેઓ વડોદરા રાજયનાં માન્ય સભ્ય હતાં. અચાનક પોલીસ આવી ગઈ. જમાદાર–પોલીસ મુસ્લીમ હતો. અચાનક બંદૂકનો નોક સાંકળચંદ સામે ધરવામાં આવ્યો.[૨૦]

સાંકળચંદ પટેલે જમાદારને બંદૂક મારવા જણાવ્યું ત્યારે ગોવિંદરાવ ઉત્રારણકર આગળ આવી ગયા. અને ચંદ્રકાન્ત પંડિતે ફેંટ મારી અને સિપાઈનો દાંત તોડી નાખ્યા અને પોલીસની બંદૂક ફગી ગઈ. અને ગોળી છૂટી ગઈ. અને સાંકળચંદને ગોળી વાગવાને બદલે ઉત્રાણકરના પગે વાગી. જાંગમાં ગોળી વાગતાં લોહી વહેવા લાગ્યું. અચાનક ભાગદોડ થઈ. તેમને મહેસાણા લઈ જવામાં આવ્યા. વિસનગરમાં હડતાલ પડી સરકારે. લાઠીચાર્જ કર્યો. લોકોએ રેલ્વેના પાટા ઉપર તેલ લગાવ્યું. ગામમાં એકદમ વાતાવરણ ઉગ્ર બની ગયું. સખત લોહી વહી જવાથી ત્રીજ દિવસે ગોવિંદરાવ ઉત્રાણકર શહીદ થઈ ગયાં. ગામમાં ઉગ્ર વિરોધ પોલીસો માટે થયો. આખરે શહીદ ગોવિંદરાવ ઉત્રાણકરની ખાંભી બનાવવામાં આવી.[૨૧]

પોલીસ દમન રોકવા અનેક પ્રયત્ન થતાં પોલીસો પાછળ પડતી અને લોકોને પકડી જેલમાં મોકલતી. ગોવિંદરાવની અંતિમયાત્રા પછી સાંકળચંદ પટેલ, રમણીકલાલ મણિયાર, ચંદ્રકાન્ત પંડિત, શીવાભાઈ પ્રભુદાસ પટેલ, જયંતિ બંડલ, મફતલાલ

મોઘલી વગેરેને પકડી પાડી જેલમાં મોકલી આપવામાં આવ્યા. ૪૨ની લડતનું હેડકવારટ નારણ ફ્રેમવાળાની દુકાન અપના કાચવાલાને ત્યાં બેસતાં હતા.[૨૨]

જેલવાસ પછી .ડી. હાઈસ્કૂલમાં બોમ્બ ફોડવાની પ્રક્રિયા થઈ. ચંદ્રકાન્ત મલ્લ, ચંદ્રકાન્ત પંડિત, રામપ્રસાદ જાની વગેરે ગયાં. કાચ તોડી બોમ્બ ફોડવાનો અને સળગાવવાનો પ્રયાસ કરતાં પકડાઈ ગયાં.[૨૩]

શીવાભાઈ પ્રભુદાસ પટેલ મુંબઈ વિધાનસભામાં સભ્ય હતાં. એક મીટીંગમાં તેમણે અંગ્રેજોના વિરોધમાં પોતાનું પદ છોડી ખુરશીને લાત મારી આ પદ ત્યાગી દીધું.

લડત લડવા માટે પૈસાની જરૂર હતી. એટલે ઉંઝાના બુધાલાલ શાહને જાતે જ અપહરણ કરાવું. અને પૈસા પછી મળવાના હતાં. પરંતુ ઉંટ પર સવાર થતાં પોલીસનાં હાથે પકડાઈ ગયાં. તેમાં પાટણનાં પુનમચંદ પટેલ, તુલસીદાસ પટેલ, ત્રિભોવનદાસ પટેલ, વ્રજલાલ બારોટ વગેરેનું નામ આવતાં તેમને પોલીસે કેદ કર્યા. અને સજા થઈ પાણીમાં વઘારેલું શામ તથા પાંદડા નાખેલાં અને બાવટાનાં જાડા રોટલા એ જેલમાં ખાવા પડતાં છતાં પુનમચંદભાઈ એ જણાવ્યું કે અમને તાવ ન આવતો અને અમે બિમાર પડયાં નથી.

ચાણસ્મા ગામનાં મણિલાલ પટેલ વડોદરા ભણવા જતા હતાં. ત્યાં ૪૨ની ચળવળ ચાલું હની. મણિભાઈએ ઝંપલાવ્યું. અને સરઘસમાં જોડાઈ ગયાં. પોલીસે લાઠી ચાર્જ કર્યો. તેના વિરોધ વધતા નાસભાગ થઈ. ભાગી જતાં મણિલાલની પીઠમાં ગોળી વાગી અને બેભાન થઈ પડી પાછળથી તેમનું અવસાન થયું અને તેઓ શહીદ થયા.

વિસનગરનાં સેનાનીઓ સાંકળચંદ પટેલ, ચંદ્રકાન્ત પંડિત, રમણિકલાલ મણિયાર, નારણભાઈ ફ્રેમમેકર, મફતલાલ મોઘલી, શીવાભાઈ પરમાર, શીવાભાઈ પટેલ, મીઠાભાઈ કરશન, રામાભાઈ નાનાભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ શિવરામભાઈ શ્રીમાળી, શકરાભાઈ વાળંદ વગેરે પાટણ આવ્યાં અને એક નાટક ભજવ્યું. આ નાટકનાં દશ્યો અંગ્રેજોએ કરેલા અત્યાચાર તેની માહિતી હતી. અચાનક મોડી રાત્રે ખબર પડી એટલે પોલીસ આવી ગઈ અને બધા ખેતરમાં ભાગી જઈ સંતાઈ ગયાં. અને પાછળથી ઉંઝા થઈ વિસનગર આવ્યાં.[૨૪]

કારતક માસમાં સિધ્ધપુરમાં મેળો ભરાતો તે સમયે સાંકળચંદપટેલ, રમણિકલાલ મણિયાર અને અન્ય લડાયક સેનાનીઓ નાટક ભજવ્યું હતું. તેમાં સાંકળચંદ પટેલ, બાદશાહ બહાદુરશાહનો રોલ કર્યો હતો અને અન્ય અંગ્રેજ પોલીસ બન્યા. મેળામાં પોલીસ આવી જતાં નાટક બંધ કરી ત્યાંથી ભાગી ગયાં.[૨૫]

ગુજરાતનાં ખાસ કરીને પાટણ, વિસનગર અને બનાસકાંઠા તથા મહેસાણાનાં વિદ્યાર્થીઓ કોલેજના અભ્યાસ માટે મુંબઈ ભણવા જતાં અને ગુજરાત યુવક મંડળ સ્થાપેલું. તેમાં પાલનપુરનાં મહેન્દ્રભાઈ ચૌધરી હતાં. ગાંધી ની ૪૨ની લડત પૂરજોશમાં ચાલતી આ લડતમાં મહેન્દ્રભાઈ પણ જોડાયા. અચાનક પોલીસે ગોળીબાર કર્યો. તેમાં મહેન્દ્રભાઈને ગોળી વાગી. પોલીસ તેમને દવાખાને લઈ જઈ શકી નહીં. ખૂબ લોહી નીકળી ગયું. એટલ ખૂબ નીકળી જવાથી તેઓ મૃત્યુ પામ્યાં.

ગુજરાત યુવક મંડળ બીજા દિવસે મૌન રેલી કાઢી અને શ્રધ્ધાંજલિ અર્પી, રાધનપુર, પાલનપુર, હિંમનગરનાં રેલ્વેના પાટા ઉખેડી નાખ્યા. સિધ્ધપુરની રેલ્વે થોડાક સમય માટે બંધ કરવામાં આવી.

ત્રિભોવનદાસ પટેલ, દયાશંકર ત્રિવેદી, પોપટલાલ પટેલ, ચંદુભાઈ લલ્લુભાઈ શાહ, તલુસીદાસ પટેલ, મગનભાઈ પટેલ, રણછોડભાઈ પૂંજાભાઈ શ્રીમાળી, કાન્તીલાલ પટેલ વગેરે એ ઉંઝા પાસેના ભાંડુના રેલ્વે સ્ટેશન બોમ્બ મૂકી ટ્રેનને ઉડાડવાની તૈયારી કરી હતી.[૨૬] બોમ્બ ગોઠવાઈ ગયો પરંતુ ગાડી આવે તે પહેલા જાણ થઈ ગઈ. અને બોમ્બ પણ ફૂટયો નહિ અને પોલીસે લગભગ બધા જ પકડાઈ ગયા. તુલસીદાસ, ત્રિભોવનદાસ વગેરેને ચાર વર્ષની સજા થઈ અને બાકીને ૧ વર્ષની સજા કરી.[૨૭]

૧૯૪૨ થી ૧૯૪૭ સુધી ગાંધી ના વિચારો અને સિધ્ધાંતો દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતમાં આંદોલનો અને સરઘસો થતાં રહયાં અને ભારતને આઝાદી મળી.ઉત્તર ગુજરાત ફરી અંગ્રેજોના પંજામાંથી મુકત થયું.

**સંદર્ભસૂચિ અને પાદટીપ**


૧. બસંત સુખદેવ, 'વિશ્વ કા ભૂગોલ', નવી દિલ્હી, ૨૦૦૪, પૃષ્ઠ–૮

૨. ઠાકર ધીરૂભાઈ (સંપાદક), 'ગુજરાતી વિશ્વકોશ' ખંડ–૨માં શાસ્ત્રી કે.કા.નું 'આનર્ત' નામક અધિકરણ, અમદાવાદ, ૧૯૮૦, પૃષ્ઠ–૩૬

૩. જોષી ઉમાશંકર 'પુરાણોમાં ગુજરાત', અમદાવાદ, પૃષ્ઠ–૭૮

૪. દેસાઈ શાંતિલાલ, ''રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત'', અમદાવાદ, ઈ.સ.૧૯૯૯, પૃ.૧

૫. વિદ્યાલંકાર જયચંદ્ર, 'ભારતીય ઈતિહાસની વિકાસ રેખા', મુંબઈ, ઈ.સ.૧૯૬૮, પૃ.૨૮૯

૬. હેમ.ઉ.ગુ.યુનિ., વિડિયો આલ્બમ 'ઉ.ગુ.ના સ્વાતંત્ર્ય સેનાનીઓ (કેસેટ)' પત્રકારત્વ વિભાગ, પાટણ ઈ.સ.૨૦૦૫

૭. શુકલ જયકુમાર (સંપાદક) 'ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો' માહિતી કોશ, અ.નં.૧૬૦૩, પટેલ મણિબેન વલ્લભભાઈ, અમદાવાદ, પૃ.૨૩૪

૮. પટેલ ઈશ્વરાચાર્ય, ખમી ખૂટેલા, વિસનગર ઈ.સ.૧૯૯૦–૯૧, પૃ.૬

૯. ધી વિસનગર તાલુકા મજૂર સહકારી મંડળી લિ., 'શ્રી સાંકળચંદભાઈ' વિસનગર, સાલ આપેલ નથી, પૃ.૨૫

૧૦. સાંકળચંદ પટેલ સ્મૃતિવંદના ગ્રંથ, ''ધરતીકંપ'', પ્રકાશક–વિસનગર તાલુકા મજૂર સહકારી મંડળી, વિસનગર, ઈ.સ.૧૯૯૧, પૃ.૧૪

૧૧. પટેલ લક્ષ્મી 'કેકારવ' (પાક્ષિક) પ્રજાસત્તાક અંક, વિસનગર, જાન્યુઆરી–૨૦૦૦, ''દિન ખુનકે હમારે'' રામપ્રસાદ જાની, પૃ.૭ અને ૮

૧૨. સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા, ગુજરાત રાજય, (પરિચય ગ્રંથ–૨), પ્રકાશક– માહિતી ખાતુ, ગુજરાત સરકાર સ ચિવાલય, ગાંધીનગર, ઈ.સ.૧૯૭૬, પૃ.૯૫

૧૩. સાંકળચંદ ષષ્ટિપૂર્તિ સમિતિ ''સાંકળચંદ ષષ્ટિપૂર્તિ'' અભિનંદન ગ્રંથ સંપાદકો – શ્રી કલ્યાણભાઈ પટેલ, ર્ડા.રમણલાલ જોષી, શ્રી પિતાંબર પટેલ, વિસનગર– ડિસેમ્બર ૧૯૭૧, પૃ.૪૭ થી ૪૯

૧૪. જોષી ઉમાશંકર ''સ્વ.શ્રી સાંકળચંદ વન ઝરમર'', સંપાદક–ધરતીપુત્ર, વિસનગર, ઈ.સ.૧૯૯૧, પૃ.૧૭૨

૧૫. શુકલ જયકુમાર 'હિંદ છોડો ચળવળ (ઈ.સ.૧૯૪૨)' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, ઈ.સ.૧૯૮૮, પૃ.૫૫

૧૬. જાની રામપ્રસાદ (તંત્રી) વિસનગર, ન્યુઝ પાક્ષિક, 'મોઘેરી માનવતાના મહામૂલક દિપક', વિસનગર, અંક–૧૯, વર્ષ–૧, તા.૨૮–૧૧–૮૮, પૃ.૧ થી ૩

૧૭. પટેલ માણેકલાલ એમ. ''વિસનગરનુ વિરલ વ્યકિતત્વ'' કર્મયોગી સાંકળચંદભાઈ સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી, ઈ.સ.૧૯૮૭, પૃ.૧૨ થી ૨૦

૧૮. પટેલ મોહનલાલ ''મહેસાણા–પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિકોનો ટૂંકો વન પરિચય'', પ્રકાશક–તુલસીભાઈ જે. પટેલ, પાટણ, ઈ.સ.૧૯૯૮, પૃ.૪૨

૧૯. જાની રામપ્રસાદ (તંત્રી) વિસનગર ન્યુઝ ''૪૨નુ અપ્રગટ પ્રકરણ'' વર્ષ–૨, સતત અંક–૩૪, વિસનગર, ઈ.સ.૧૯૯૦, પૃ.૪

૨૦. શુકલ દુર્ગેશ ''સાંકળચંદભાઈ એક મધુર સ્મરણ'', ધરતીદીપ, પ્રકાશક–ધી વિસનગર નાગરિક બેન્ક, ઈ.સ.૧૯૮૭, પૃ.૧૪

૨૧. ઉત્રાણકર ભા.કૃ.''મારા વડીલ બંધુ શ્રી સાંકળચંદભાઈ'', ધરતીદીપ, પ્રકાશક –ધી વિસનગર નાગરિક બેન્ક, ઈ.સ.૧૯૮૭, પૃ.૪૬

૨૨. આઝાદીની સુવર્ણજયંતિ વિશેષાંક રાજદફતર પોલીસ રીપોર્ટ–૩, પ્રકાશક–ગુજરાત રાજય દફતર ભંડાર ખાંતુ–સેકટર–૧૭, ગાંધીનગર, ઈ.સ.૧૯૯૮, પૃ.૨ અને ૩
૨૩. ગુજરાત ઈતિહાસ પરિષદ ''જ્ઞાન સત્ર–વિસનગર'' વિસનગર : ઈતિહાસ અને સંસ્કૃત શાસ્ત્રી હરિપ્રસાદ અને જિતેન્દ્ર દવે, અમદાવાદ, ઈ.સ.૧૯૮૮, પૃ.૨૫–૨૬
૨૪. શુકલ જયકુમાર ર. 'બેતાલીસમાં અમદાવાદ', અમદાવાદ, ઈ.સ.૧૯૮૮, પૃ.૩૬
૨૫. જિલ્લા માહિતી કચેરી, 'મહેસાણા જિલ્લો એક પરિચય', માહિતી ખાતુ, મહેસાણા, ઈ.સ.૨૦૦૦, પૃ.૨૫
૨૬. રૂબરૂ મુલાકાત પટેલ શાન્તાબેન ભોળાભાઈ (સાંકળચંદ પટેલના સુપુત્રી અને સ્વાતંત્ર્ય સેનાની) સ્થળ : વિસનગર, તા.૨૯–૬–૧૯૯૫
૨૭. રૂબરૂ મુલાકાત પંડિત ચંદ્રકાન્ત, સ્થળ : સાંકડી શેરી, વિસનગર, તા.૨૯–૬– ૧૯૯૯